દિવ્ય ભાસ્કર
અમદાવાદ-સિટીભાસ્કર 17-01-2025

# સર્વે ઓફ ઈન્ડિયા અને EDII સાયન્સ - ટેક્નોલોજી આધારિત આંત્રપ્રિન્યોરશિપને માર્ગદર્શન આપશે

ગાંધીનગરઃ EDII અને ભારત સરકારના સાયન્સ એન્ડ ટેક્નોલોજી ડિપાર્ટમેન્ટના સર્વે ઓફ ઈન્ડિયા હવે દેશમાં સાયન્સ એન્ડ ટેક્નોલોજી આધારિત આંત્રપ્રિન્યોરશિપનું વાતાવરણ તૈયાર કરવા માટે વધારે કાર્યરત થશે.

બંને સંસ્થાઓ દ્વારા તૈયાર કરાયેલ સ્ટ્રેટેજીક અને સંકલિત સંયુક્ત પ્રયાસો દ્વારા રિસર્ચ એક્ટિવિટી, ડેવલપમેન્ટલ પ્રોગ્રામ અને ક્ષમતા નિર્માણના કામો પણ કરાશે. જેથી વિદ્યાર્થીઓમાં સ્કિલ્સ અને આંત્રપ્રિન્યોરશિપની ભાવના મજબૂત થાય. ઉપરાંત અવકાશી ટેક્નોલોજી જેવા સંભવિત ક્ષેત્રોમાં સાયન્સ એન્ડ ટેક્નોલોજી આધારિત સાહસોનું નિર્માણ વધે.

આ વિશે હિતેશ કુમાર મકવાણાએ કહ્યું, 'સર્વે ઓફ ઈન્ડિયા ટેક્નોલોજી, ડ્રોન અને ભૂ-અવકાશી ટેક્નોલોજી અપનાવવાને કારણે તેના કાર્યક્ષેત્રોને વિકસિત અને વૈવિધ્યસભર બનાવવામાં સક્ષમ રહ્યો છે. હું માનવજાતના વિકાસમાં ટેક્નોલોજી અને નવીનતાઓના મહત્ત્વ પર ભાર મૂકું છું.'